**ફો.પરચુરણ અરજી નં. ૧૩૯/૨૦૨૩**

<u>આંક-૧ લગત હુકમ</u>

૧. હાલ ની અરજી ક્રી.પ્રો.કોડ ની કલમ-૪૫૧ મુજબ દહેગામ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૧૨૧ ૬૦૦૫૨૩૦૦૯૦/૨૩ આઈ.પી.સી. કલમ-૩૬૪(એ), ૩૪૨, ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧ ૨૦(બી) મુજબ ના કામના ફરીયાદી પ્રવીણભાઈ ગોવીંદભાઈ પટેલ દ્વારા આપવામાં આવી છે અને અરજી થી તેઓ એ ગુન્હા ના કામે પકડાયેલ તમામ રોકડ રકમ પરત માંગી છે. આ ગુન્હા માં આરોપીઓ સામે ફરીયાદ દાખલ થયા બાદ પોલીસે તપાસ ના અંતે આરોપીઓ સામે ચાર્જશીટ ફાઈલ થતા ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોય સદર કેસ નામ. સેશન્સ કોર્ટ માં કમીટ કરવામાં આવ્યો છે. અરજી માં અરજદાર એ જણાવેલ છે કે આરોપીઓ એ તેની પાસેથી પડાવી લીધેલ રકમ તપાસ કરનાર અધીકારી એ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ છે. જે તમામ રોકડ રકમ અરજદાર ની માલીકી ની હોય આ રકમ યોગ્ય જરૂરીયાત ના બોન્ડ ઉપર પરત સોંપવા અરજ કરી છે. વધુ માં એવું પણ જણાવેલ છે કે રીકવર થયેલ રકમ માં રૂા. ૨૦૦૦/- ની ચલણી નોટો નો પણ સમાવેશ થતો હોય જે નોટો આર.બી.આઈ. એ પરત ખેંચવાની જાહેરાત કરી હોય અને તે રકમ અરજદાર એ બેન્ક માં જમા કરાવવાની હોય તેથી પણ આ રકમ અરજદાર ને સોંપવા અરજ કરી છે.

૨. અરજી સંદર્ભે આરોપીઓ પૈકી આરોપી ૧) મુકેશકુમાર પટેલ તથા ૨) સંજયસીંહ ને સવાલવાળો મુદામાલ અરજદાર ને પરત કરવામાં આવે તો વાંધો નથી તેવું જાહેર કરેલ હતું. જયારે બીજા આરોપીઓ ૧) ભરતભાઈ મણીભાઈ પટેલ તથા ૨) દીપેશભાઈ દીલીપભાઈ પટેલ ના ઓ એ આવી કોઈ સહમતી ન આપતા તેઓ ને જેલરશ્રી સાબરમતી જેલ, અમદાવાદ મારફતે હાલ ની અરજી ની નોટીસ ની બજવણી કરવા અર્થે ફરીયાદી ને રૂબરૂ આપવામાં આવી હતી અને ફરીયાદી ના તારીખ ૦૩/૦૮/૨૩ ના સોગંદનામા મુજબ આરોપીઓ એ જેલ માં પણ નોટીસ સ્વીકારવાની ના પાડી હોવાનું જણાવેલ છે.

૩. હાલ ની અરજી સબંધે અરજદાર દ્રારા લેખીત દલીલ આપવામાં આવી છે જેમાં તેઓ એ અરજી માં જણાવેલ હકિકતો ને વળગી રહેતી રજુઆત કરી છે. અરજી સામે વાંધો લેનાર આરોપીઓ એ અરજી સામે પોતાના વકીલ મારફતે કોઈ રજુઆત કરી નથી.

૪. અરજદાર દ્રારા હાલ ની અરજી ક્રી.પ્રો.કોડ ની કલમ-૪૫૧ હેઠળ માંગી હોય તે કલમ મુજબ કોર્ટ દ્રારા આ અરજી નકકી કરતી વખતે મુદામાલ પ્રોપર કસ્ટડી માં સોંપવાની હોય છે. તે જોતા હાલ ના અરજદાર દ્રારા આરોપીઓ સામે દહેગામ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૧૨૧૬૦૦૫૨૩૦૦૯૦/૨૩ થી આઈ.પી.સી. કલમ-૩૬૪(એ), ૩૪૨, ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબ ની ફરીયાદ દાખલ કરવામાં આવી છે. જે ફરીયાદ વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે આરોપીઓ એ અરજદાર નું અપહરણ કરી અને એક કરોડ રૂા. ની માંગણી કરતા અરજદાર દ્રારા જમીન ના સોદા પેટે રકમ જોઈએ છે તેવું તેના મીત્ર રાધેભાઈ પરસોત્તમભાઈ પટેલ ને મદદ માટે ફોન મારફતે જણાવતા રાધેભાઈ એ અરજદાર ને જણાવેલ કે તેના પોતાના રૂા. ૪,૦૦,૦૦૦/- તથા રાધેભાઈ ના મીત્ર વિપુલભાઈ ના રૂા. ૬,૦૦,૦૦૦/- તથા વિપુલભાઈ ના ભાઈ મનીષભાઈ ના રૂા. ૬,૦૦,૦૦૦/- તથા વિપુલભાઈ ના મીત્ર જીતેન્દ્રભાઈ ના રૂા. ૫,૦૦,૦૦૦/- તથા

કિશોરભાઈ ના રૂા. ૪,૦૦,૦૦૦/– એમ કુલ મળી રૂા. ૨૫,૦૦,૦૦૦/– ફરીયાદી ના ભાઈ ને આપેલ છે. ફરીયાદ માં જણાવેલ હકિકતો સામે હાલ ની અરજી જોતા અરજદાર એ ફરીયાદ માં જણાવેલ કોઈ પણ હકિકતો અરજી માં લખી નથી પરંતુ અરજી માં સંપુર્ણ રકમ પોતાની હોવાનું જણાવેલ છે. તે રીતે અરજી તથા ફરીયાદ માં સ્પષ્ટ વીરોધાભાસ છે. વધુ માં અરજદાર એ ફરીયાદ માં જે માણસો પાસેથી આ રકમ માંગી હોવાનું જણાવેલ છે તે પૈકી કોઈ ના પણ વ્યકિત ના એવા સોગંદનામા નથી કે સવાલવાળી રકમ અરજદાર ને આપી દેવામાં આવે તો તેઓ ને વાંધો–હરકત નથી. તે જોતા અરજદાર એ માંગવામાં આવેલ રકમ તેની પોતાની હોવાનું કહી શકાય નહી. પરંતુ આટલી મોટી રકમ તેની પાસે કઈ રીતે આવી તે સબંધે અરજદારે કોઈ પ્રાથમીક પુરાવો પણ અરજી સાથે રજુ કરેલ નથી જે પુરાવા ની ગેરહાજરી માં હાલ ના તબકકે અરજદારે આ ચલણી નોટો પોતાના કાયદેસર રીતે આવી હોવાનું કહી શકાય નહી.

૫. અરજદારે પોતાની અરજી ના સમર્થન માં એવી પણ રજુઆત કરી છે કે પોલીસ દ્રારા મુદામાલ માં રીકવર થયેલ રકમ માં રૂા. ૨૦૦૦/– ની ચલણી નોટો નો પણ સમાવેશ થાય છે જે ડીનોમીનેશન ની નોટો આર.બી.આઈ. દ્રારા તેના તારીખ ૧૯/૦૫/૨૩ ના નોટીફીકેશન થી સરકયુલેશન માં થી વીડ્રો કરી છે. જેથી આ રકમ બેન્ક માં જમા કરાવવી જરૂરી હોવાનું જણાવેલ છે. પરંતુ આર.બી.આઈ. ના રૂા. ૨૦૦૦/– ચલણી નોટો સરકયુલેશન માં થી પરત લેવાના નીર્ણય સબંધે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત ની અદાલતો ને નીર્દેશ આપેલ છે અને તે મુજબ આવી ચલણી નોટો રાષ્ટ્રીય કૃત બેન્ક માં જમા કરવા આદેશ આપવામાં આવેલ છે અને તે મુજબ તેવી કાર્યવાહી પણ આગળ કરવામાં આવશે જેથી અરજદાર ને રૂા. ૨૦૦૦/– ની ચલણી નોટો ની કોઈ નુકશાની જશે નહી.

૬. વધુ માં અરજદાર એ પોતાની દલીલ ના સમર્થન માં નામ. સુપ્રીમ કોર્ટ ના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. પરંતુ તે જ ચુકાદા માં નામ. સુપ્રીમ કોર્ટે ચલણી નોટો જયારે કોઈ પણ પક્ષકાર ને આપવામાં ન આવે ત્યારે શું કરવું તેના વીશે પણ માર્ગદર્શન આપેલ છે. જેનો રેલેવન્ટ પેરા નીચે મુજબ છે.

**12.** In case, where such articles are not handed over either to the complainant or to the person from whom such articles are seized or to its claimant, then the court may direct that such articles be kept in bank lockers. Similarly, if articles are required to kept in police custody, it would be open to the SHO after preparing proper panchnama to keep such articles in a bank locker. In any case, such articles should be produced before the magistrate within a week of their seizure. If required, the court may direct that such articles be handed over back to the investigating officer for further investigation and identification. However, in no set of circumstances, the investigating officer should keep such articles in custody, for a longer period for the purpose of investigation and identification. For currency notes, similar procedure can be followed

ઉપરોકત ચુકાદા માં આપેલ નીર્દેશ મુજબ સવાલવાળી ચલણી નોટો અત્યાર ના તબકકે કોઈ ને પણ આપવી યોગ્ય જણાતી ન હોય તેથી તપાસ કરનાર અધીકારી એ આ ચલણી નોટો નું પંચનામું કરી અને કોર્ટ માં જમા કરાવવા ની રહે છે.

૭. ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતા અરજદાર ની હાલ ની અરજી માં માંગ્યા મુજબ ની રકમ તેને આપવી હીતાવહ જણાતી ન હોય અરજી હેઠળ નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

આખરી હુકમ

૧) અરજદાર ની હાલ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨) તપાસ કરનાર અધીકારી ને એવો આદેશ આપવામાં આવે છે કે તેઓ એ તપાસ ના કામે જમા લીધેલ ચલણી નોટો નું વીગત વાર નું પંચનામું કરી અને તેની વીડીયોગ્રાફી કરી, તેમાં પંચો તથા પોતાની અને ફરીયાદી ની સહીઓ લેવી.

૩) આ કાર્યવાહી કર્યા બાદ તપાસ કરનાર અમલદાર એ આ રકમ કોર્ટ માં જમા કરાવવી.

૪) તપાસ કરનાર અમલદાર તરફથી આ રકમ કોર્ટ માં જમા કરાવ્યા બાદ રૂા.૨૦૦૦/– ની ચલણી નોટો સબંધે નાઝીર શ્રી એ નામ. ગુજરાત હાઈકોર્ટ ના નીર્દેશ મુજબ કાર્યવાહી કરવી અને સઘળી રકમ બાંધી મુદત ની થાપણ માં મુકવી જેથી કરી કોઈ પણ પક્ષકાર ને વ્યાજ ની નુકશાની ન જાય.

તારીખ : ૦૭/૦૮/૨૦૨૩
સ્થળ : દહેગામ

**(વિશાલ પી. મહેતા)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, દહેગામ.
**U.I.C. NO.GJ01538**